# નર્મદનું સમાજ સુધારણા દર્શન

પ્રો. એમ. આર. અડીયોલ

મદદનીશ પ્રાધ્યાપક(ગુ.શિ.સે.વર્ગ-૨)

ઈતિહાસ વિભાગ, એમ.એન.કોલેજ,

વિસનગર , જિ-મહેસાણા .

સામાજિક ક્ષેત્રે શરૂ થયેલ સુધારણાની ચળવળોમાં પાશ્ચાત્યવાદી અને પૌશત્યવાદી એમ બે અભિગમો જણાય છે. અંગ્રેજોની અસર હેઠળ સુધારણા પ્રવૃત્તિઓ વધુ વિકસી હતી. આ પ્રવૃત્તિઓનું શરૂઆતનું કેન્દ્ર મુંબઈ હતું. પરંતુ તે પછી ટુંકાગાળામાં જ સુરત અને અમદાવાદ જેવા શહેરોમાં પણ પાશ્ચાત્ય આધાર પર સમાજ સુધારની પ્રવૃત્તિઓનો આરંભ થયો. જેના સૂત્રધાર સમાજ સુધારકોમાં દુર્ગારામ મહેતાજી, કવિ નર્મદાશંકર, કવિ દલપતરામ ડાહ્યાભાઈ, મહિપતરામ રૂપરામ નીલકંઠ વગેરેનો સમાવેશ થાય છે. અહીંએક બાબત નોંધનીય છે કે, આ બધા સમાજ- સુધારકોનો હેતુ એક હોવા છતાં વિચારો ભિન્ન – ભિન્ન હતા.

ગુજરાતના સમાજ સુધારકોમાં નર્મદનું નામ અગ્રહરોળમાં છે. નર્મદનો જન્મ ઈ.સ.૧૮૩૩માં સુરતમાં થયો હતો. જ્ઞાતિએ નાગર એવા નર્મદે પ્રારંભિક શિક્ષણ ગામઠી શાળામાં મેળવ્યું. પરંતું પછી પિતાની નોકરી મુંબઈમાં હોવાથી મુંબઈમાં શિક્ષણ લીધુ. મુંબઈના વાતાવરણની નર્મદ પર સારી એવી અસર થઈ હતી. નર્મદ સ્વભાવે જિદ્દી અને ઉતાવળિયો હતો. 'યા હોમ કરીને પડો, ફતેહ છે આગે' માં નર્મદ માનતો હશે જે તેના સમાજ સુધારાના વિચારોમાં પણ દ્રશ્યમાન થાય છે. નર્મદના જીવનમાં અનેક ઉતાર – ચઢાવ આવ્યા હતા. યુવાનીમાં અદ્વિતીય શૌર્ય અને જુસ્સાની સાથે સમય પ્રમાણેના દૂષણો પણ જણાય છે.

નર્મદની સમાજ સુધારાની પ્રવૃત્તિઓ માતેનો યોગ્ય સમયગાળો ૧૮૫૦ થી ૧૮૬૬ વચ્ચેનો હતો. સુધારા અંગે નર્મદ પોતાના વિચાર અંગે સ્પષ્ટ કર્યુ હતુ કે, "ઘણેક પ્રસંગે હું સુધારા સંબંધી ઘણો જ બતાવી મારા બાપનું મન દુખવતો પણ તે વેળા હું કહે તો કે ભાઈ હું તમને દગો નહી દઉં હમણા તમારૂ મન દુખાઓ તો દુખાઓ"[૧]

આ બાબતમાં નર્મદ સુધારા અંગેનો પોતાનો અદમ્ય ઉત્સાહ વ્યક્ત કરે છે.

નર્મદની સમાજ સુધારાની પ્રવૃત્તિઓ મુંબઈની સમાજ સુધારાની સંસ્થા 'બુદ્ધિવર્ધક સભા' સાથે સંકળાયેલી હતી. તેણે અહીં સૌ પહેલા મંડળી મળવાથી થતાં લાભ પર ભાષણ આપ્યુ હતું. જેમાં તેના પાશ્ચાત્ય ઢબનાં ખ્યાલો રજૂ થાય છે. "મંડળી મળવાનો સંપ્રદાય આપણા દેશમાં

નિકળવા માંડયો છે તે સર્વ યુરોપીયન, તેમાં વિશેષે ફરીને ઈંગ્લિશ લોકો વડે જ ચાલવા માંડયો છે. વિચાર કરો કે આપણે એ લોકોનો કેટલો ઉપકાર માનવો જોઈએ."[૨]

"સુધારો"શબ્દ તેના હાલના અર્થમાં ગુજરાતી ભાષામાં મુંબઈના પારસીઓએ પ્રથમ વાપરેલો.[૩] સંસારના સુધારાના અર્થમાં વાપરેલો આ 'સુધારો' શબ્દ એક રીતે જોતાં બહુ સંકુચિત અર્થમાં છે. ગુજરાતમાં વસ્તીનો ઘણો મોટો ભાગ હિંદુઓનો છે અને સંસારમાં સુધારવા લાયક પણ ઘણુ હતુ અને છે, તેથી ગુજરાતીમાં સંસાર સુધારાનો ઈતિહાસ એટલે ગુજરાતી હિંદુઓના સંસારનો ઈતિહાસ એમ થઈ ગયુ હતુ. નર્મદાશંકર – " પ્રજાના તન, મન, ધનમાં વ્યવસ્થાપૂર્વક જે વધારો કરવો તે સુધારો"[૪]

રાત વિતીને વાયુ વ્હાણું, અરૂણોદય દીપતો આ;

પ્રકાશ કુમળો સુનો ઓપતું, શકુન સહૂ શુભ સોહ્યા.

નર્મદાશંકર[૫]

સુધારાના પ્રથમ વીર દુર્ગારામ મહેતાજી હતા. જેમણે ૧૮૪૪ માનવ ધર્મ સભાની સ્થાપના કરી હતી. નર્મદાશંકર "ગુજરાતની પ્રસિદ્ધનો પહેલો પુરૂષ કહે છે. તેના જે ભણાવેલા દુર્ગારામ મહેતાજીએ મંત્રાદીક તથા પુન:લગ્ન સંબંધી સુધારાનો વિચાર પ્રગટ થયો હતો. ૧૮૪૮ માં એલેક્ઝાન્ડર કિંલૉક ફાર્બ્સ સાહેબની પ્રેરણાથી અમદાવાદમાં "ગુજરાત વર્નાક્યુલર સોસાયટી" સ્થપાઈ. તે દ્વારા તે જ વર્ષમાં કવિ દલપતરામનો 'ભૂત નિબંધ' છપાઈ પ્રસિદ્ધ થયો. આ સમયે સુધારાનું મુખ્ય સ્થળ મુંબઈ અને તેથી ઉતરતા સૂરત અને અમદાવાદ હતા. ગુજરાતમાં સુધારાના અગ્રેસર કવિ નર્મદશંકર સૂરતી હતા. ત્રણ નન્ના કાળ પહેલાં પાંચ દદાનો કાળ હતો. તે દિન મણિશંકર શાસ્ત્રી, દાદોબા, દુર્ગારામ મહેતાજી, દલપતરામ માસ્તર અને દામોદરદાસ.

**સુધારાનો બોધકાળ :-**

આ સમયને નર્મદાશંકર 'સુધારાનો બોધ્ધકાળ' કહે છે.[૬] આ દશબાર વર્ષમાં સુધારાનો પ્રચાર પુષ્કળ બોધલેખો તથા ભાષણોથી સ્થળે સ્થળે કરવામાં આવ્યો હતો. આ સમયે નર્મદાશંકર ૧૮૫૧ થી ૧૮૫૪ સુધી સુરતમાં રહ્યા એ દરમ્યાન 'સ્વદેશી હિતેચ્છુ મંડળી' તેમણે સ્થાપી અને 'જ્ઞાન સાગર' અઠવાડીક શરૂ કર્યુ હતું. આજ સમયે ૧૮૫૧માં બુદ્દિધવર્ધક સભા મુંબઈમાં શરૂ કરવામાં આવી.[૭] જેમાં નર્મદાશંકર અને કરશનદાસ તેના અગ્રેસરો હતા. તેમણે કન્યા કેળવણીને ઉત્તેજન આપવાનું કાર્ય હાથ ધર્યુ હતું. 'સ્ત્રી કેળવણી' નર્મદાશંકર (૧૮૫૩) 'દેશાટન' (કરશનદાસ) અને વૈધવ્યચિત્ર નર્મદાશંકર ૧૮૫૯-૬૦ એ વિષયો પ્રસિદ્ધ થયા.

નર્મદાશંકરે પોતાની પત્નિનું નામ જોડી તેમણે પોતાના વતન નડીયાદમાં 'ડાહીલક્ષ્મી પુસ્તકાલય' સ્થાપ્યુ.[૮] સ્ત્રીઓનાદરજ્જા વિશે તે સમયના વિચારો નર્મદાશંકરના 'સ્ત્રી કેળવણી' ના લેખમાંના નીચે ફકરા પરથી બરાબર દેખાઈ આવશે. સ્ત્રી જીવનના સર્વ મહાપ્રશ્નોના અર્કરૂપ છે: માણસ શબ્દમાં પુરૂષ અને સ્ત્રી બંને છે. બંને આકાર, સ્વભાવ, લાગણીને સમક્ષણમાં ઘણાં ખરાં સરખા છે.

અહીં આપણને સ્ત્રીઓને અમુક હક આપવા કેળવણી આપવી, સ્વતંત્રતા આપવી એ પ્રશ્નો ચર્ચતી વખતે ટોલ્સટોયનું મહાવાક્ય ભૂલી જવાય છે કે 'કોઈ વર્ગને ન્યાય આપવાનો મોટામાં મોટો રસ્તો એ જ છે કે તેમની કાંધ ઉપરથી આપણે નીચે ઉતરવું.' સ્ત્રીઓમાં મનુષ્યત્વ- સ્વતંત્ર, મનુષ્યત્વ- પુરૂષના જેટલુ જ છે. એમ કબુલ કરીએ તો વિધવા પુન:લગ્ન પ્રશ્નનો નિકાલ આપોઆપ જ થઈ જાય છે.

નર્મદ સ્ત્રી સંદર્ભના પોતાના સુધારાવાદી વિચારો ખૂબ દ્રઢતાથી વ્યકત કર્યા હતા. ૧૮૫૯માં તેણે 'મૂંગી સ્ત્રીઓને' છૂટ આપવા વિશે કાવ્યમાં લખ્યુ હતું કે,

હમેં પગરખા કાં ન પહેરીએ,

હમેં છત્તરીઓ કાં ન હોડીએ,

સમજતાં થયે લગ્ન કાં નહી,

લગ્ન કાં રંડિલીને નહી.

ઉપરાંત તે સ્ત્રીના સામાજીક દૂષણોને પણ કાવ્યમાં સ્થાન આપતો.

"પુરૂષનું બને કેમ લગ્ન રે !

વહુ મરી ગયે તે ફરી અરે ?

પશુ થકી હમે શુ અરે ગયા?

સમજિ નાતરાં તે કરો કહ્યાં?"

આમ, નર્મદ તેના સમયનાં અન્ય સુધારકો કરતાં સ્ત્રી સંદર્ભે વધુ છૂટથી અવાજ રજૂ કર્યો હતો.

ઈ.સ.૧૮૮૭માં ૫૩ વર્ષની વયે નર્મદાનું મૃત્યુ થયુ હતું. અનેકરંગી જીવન ધરાવતો નર્મદ સમાજ અંગે વિશેષ જાગૃત હતો. સુધારાયુગની સમયમૂર્તિ એવો નર્મદને નવલરામે 'સમયનો આત્મા' કહ્યો છે.

## પાદનોંધ

૧. ઠાકર ધીરૂભાઈ(સંપાદક), મારી હકીકત, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૯૮૩, ઉપોદ્ઘાત,પૃ-૩૨

૨. નર્મદ ગ્રંથાવલિ – ૩, જૂનુનર્મગદ્ય

૩. ત્રિવેદી નવલરામ જગન્નાથ "સમાજ સુધારાનું રેખાદર્શન", ગુજરાત વિદ્યાસભા: અમદાવાદ, દ્રિત્તીય આવૃત્તિ ૧૯૭૪ પૃ-૧

૪. એજન પૃ-૧૨-૧૩

૫. એજન પૃ- ૨

૬. એજન પૃ- ૨૫

૭. રાજગોર શિવપ્રસાદ "અર્વાચિન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ" યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ ૧૯૯૮ પૃ- ૨૯

૮. ત્રિવેદી, પૂર્વોક્ત પૃ- ૨૯

૯. એજન પૃ- ૩૭